# સુરત મહાનગરપાલિકા
## નિમંત્રણ

આજરોજ સુરત મહાનગરપાલિકાના નવો પૂર્વ (સરથાણા) ઝોન-બી માં નવા સમાવિષ્ટ કઠોદરા ગામ ખાતે આવેલ શાળાના કમ્પાઉન્ડમાં જુની શાળાને તોડી નવી પ્રાથમિક શાળા બનાવવાના કામની લોકાપર્ણવિધિ માન.મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી. સદર કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટય કરી કરવામાં આવેલ. ત્યારબાદ આ કાર્યક્રમમાં પ્રાર્થનાગીત અને સાંસ્કૃતિકકૃતિ રજુ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા માન. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રી રાજેન્દ્રકુમાર કાપડીયાએ જણાવ્યુ કે આવનારા સમયમાં વિદ્યાર્થી મિત્રોને અને શિક્ષકોને કોઈપણ શિક્ષણલક્ષી જરૂરિયાત હોય તે મળી રહે અને બાળકોને પ્રાથમિક શિક્ષણમાં આગળ વધારવા માટે ખડે પગે ઉભા રહીને બધા જ મિત્રો પ્રયત્નશીલ રહેશે તેવી આશા વ્યકત કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે પ્રવચન કરતા માન. સંસદસભ્ય શ્રી પરભુભાઇ વસાવાએ જણાવ્યું કે વિદ્યાર્થીના જીવનમાં પ્રાથમિક શિક્ષણનો પાયો મહત્વનો છે. આ શિક્ષણનો પાયો કાચો રહી જાય તો તેના જીવનમાં તે કદી આગળ વધી શકતો નથી. જો જીવનમાં એ વિદ્યાર્થીને શિક્ષણ યોગ્ય મળી જાય તો તે જીવનમાં ક્યારેય પાછળ પડતો નથી. તે તેના જીવનમાં પ્રાથમિક શિક્ષણની મદદથી ઘણો આગળ વધી શકે છે. એટલા માટે આ પ્રાથમિક શાળાના શિક્ષણને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર મહત્વ આપે છે.

આ કાર્યક્રમ પ્રસંગે પ્રવચન કરતા માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા એ જણાવ્યું કે સુરત શહેર સમગ્ર ભારત દેશમાં સ્વચ્છતામાં નંબર ૧ બન્યું છે. સને ૨૦૧૦માં સૌપ્રથમ પૂણા બાપા સીતારામ મોડેલ શાળા સુરતની અંદર બનાવવામાં આવી હતી. આજરોજ આ વિસ્તારની અંદર સુંદર શાળા સાકારિત કરવામાં આવેલ છે. દરેક વ્યકિતને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે હેતુથી તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે. વધુમાં તેમણે વેલંજા ખાતે સાકારિત કરવામાં આવનાર અત્યાધુનિક શાળા, અત્રોલી અને ગલા ખાતે નવી પ્રાથમિક શાળાઓ અને અધ્યતન સાયન્સ કોલેજના આયોજન સંદર્ભે સંક્ષિપ્ત માહિતી આપી હતી. સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ વિધાર્થીઓને આપવામાં આવશે. છેલ્લા એક વર્ષની અંદર ગુજરાતમાં ૫૦,૦૦૦ સ્માર્ટ કલાસ બનાવી અને લોકાર્પણ કરવામાં આવેલ છે અને આ વર્ષે ૪૫,૦૦૦ સરકારી શાળા બનાવવામાં આવશે. પ્રાઇવેટ શાળાની ફી ૪૦ - ૫૦ હજાર હોવાથી ગરીબ વર્ગના લોકો ભરી શકે તેમ નથી એના માટે સરકારીઓ શરૂ કરવામાં આવી છે. સરકારી શાળાઓમાં અધ્યતન સાધનો હોવાને કારણે છેલ્લા એક વર્ષની અંદર ૨ લાખ બાળકોએ પ્રાઇવેટ શાળા છોડી સરકારી શાળામાં એડમિશન લીધું છે. પરીક્ષા પદ્ધતિ બદલી ધોરણ ૧૦ અને ૧૨ માં છેલ્લા વર્ષે જે પરીક્ષા લેવામાં આવી એમાં સારૂં પરિણામ આવ્યું છે. ગુજરાત પ્રથમ એવું રાજય છે, જયાં માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને માન. મુખ્યમંત્રી ગુજરાત રાજય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં ગીતાનો અભ્યાસક્રમ ફરજિયાત કરવાનો નિર્ણય લીધા સહિતની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં માન..ડેપ્યુટી મેયર ર્ડા. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શ્રી-શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રિપાઠી, માન. દંડકશ્રી શાસક પક્ષ શ્રી ધર્મેશ વાણિયાવાલા વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો, શિક્ષકો તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.83 ,તા.15/06/2024